H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૫ ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :– નીતીન

પિતા/પતિનુ નામ :– વસંતકુમાર સોલંકી

ધંધો :– ચા ની હોટલ

ઉમર (આશરે) વર્ષ :– ૩૦

રહેવાનુ ગામ :– નલીયા

જીલ્લો : કચ્છ

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી</u>**

1. આજથી આશરે બે અઢી વર્ષ પહેલા હું બસ સ્ટેશન પાસે મારી ચા ની હોટલ પર બેઠેલ હતો ત્યાં પોલીસે આવેલી અને મને સહી કરવાનો કહેતા મે સહી કરી આપેલી. તે સીવાય બીજુ કાઈ જાણતો નથી. મારી હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલી હોય તેવુ બનેલ નથી.
2. મને નામ.કોર્ટ ના રેકર્ડમાંથી માર્ક ૧૨/૫ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં પંચનં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–**૩૨**
3. મને નામ. કોર્ટમાંથી મુ.માલ આર્ટીકલ નં.ર શીલ ખોલી બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેની અંદર મુકવામાં આવેલ મોબાઈલ બાબતે કાઈ જાણતો નથી. તેમાંથી નીકળતી પંચ સ્લીપમાં પંચનં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–**૩૩**

---
**સાહેદની સહી**

4. ઉપરોકત મોબાઈલમાંથી મારી હાજરીમાં કોઈ રેકોડીંગ સંભળાવવામાં આવેલ હોય તેવુ બનેલન નથી.

નોંધ–આ કામે પોલીસ ધ્વારા ફરીયાદી પાસે મોબાઈલ કબજે કરી એફ એસ એલ માં મોકલાવેલ અને એફ એલ એલ ધ્વારા સદરહુ મોબાઈલમાં રહેલ ઓડીયો કલીપનો એફ એસ એલ કરી સી ડી મોકલાવેલી જે સી ડી નાઝીરશ્રીની કસ્ટડીમાંથી મંગાવી તેના ઉપર જા.નં.૧૮૪/૨૪ ના ફોરવડીગ લેટર સાથે શીલબંધ કવરમાં સીડી નીકળેલ છે તેની અંદર ઓડીયો કલીપ પ્લે કરી **2022-P-173** નામના ફોલ્ડર ખોલી તેમાંથી નીકળતી ઓડીયો કલીપ સાહેદને સંભળાવવામાં આવે છે જે બાબતે સાહેદ કાઈ જાણતા ન હોવાનું જણાવે છે. સદર સીડી ની કોપી બચાવપક્ષને તા.૨૩–૬–૨૪ ના પુરી પાડી દીધેલ છે. કાયદેસર રીતે જયારે ઓડીયો કે વીડીયો કલીપ સંભાળવતા હોઈએ ત્યારે ડીજીટલ એવીડન્સનું તમામ નેરેશન જુબાનીમા નોધવુ જોઈએ પરંતુ હાલના કેસમાં સાહેદ પોતે આવો કોઈ સંવાદ સાંભળેલો નથી તેવુ જણાવતા હોય તેથી સંવાદના નેરેશન જુબાનીમાં નોંધવામાં આવેલા નથી.

5. **હોસ્ટાઈલ :** વિ.એ.પી.પી.શ્રી સાહેદને પોતાના આગલા લખાણથી વિરુધ્ધની હકીકતો જણાવતા હોવાથી ફરી ગયેલા જાહેર કરી પુરાવા ધારા કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગે છે જે પંચનામાને ધ્યાને લેતા પરવાનગી આપવામાં આવે છે અને સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવે છે.

---

**સાહેદની સહી**

6. એ વાત ખરી નથી કે તા.૧૨–૪–૨૨ ના રોજ પોલીસના બોલાવવાથી નલીયા પો.સ્ટે. ગયેલ ત્યાં ફરીયાદી હાજર હતા અને તેઓએ એક વીવો કંપનીનો મોબાઈલ સીમ કાર્ડ તથા મેમરી કાર્ડ સાથે રજુ કરેલ અને તેમાં મોબાઈલ ખોલી જોતા ફાઈલ મેનેજરનામે એપ્લીકેશનમા મ્યુજીક નામનો ફોલ્ડર ખોલી જોતા તેમાં બે ફોલ્ડર જોવા મળેલા તેમાની એક ઓડીયો કલીપ ઓડીયો કલીપ અમો પંચ રુબરુ સંભળાવતા તેમા સ્થાનીક કચ્છી ભાષામાં વાતચીત થયેલી જેમાં ફરીયાદી, ભોગબનનાર તેમજ આરોપી વચ્ચે થયેલ વાતચીત હતી જે મોબાઈલ પોલીસે કબજે કરેલ. એ વાત ખરી નથી કે ઉપરોકત કાર્યવાહી પોલીસે અમારી હાજરીમાં કરેલ હોવા છતા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

**સરતપાસ પૂરી.**

**<u>ઉલટ તપાસ આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.એસ. ગઢવી</u>**

ઉલટ તપાસ નથી.

તારીખ : ૩૧/૦૧/૨૦૨૫

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

---

**સાહેદની સહી**

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

સાહેદની સહી